# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 02-03-2021 સાંજે : 6.55 to 7.10pm

વાર : મંગળવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

- ગુજરાતની 31 જિલ્લા પંચાયત , 231 તાલુકા પંચાયત અને 81 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને ભારે બહુમતી ધરાવતો અભૂતપૂર્વ જનાદેશ મળ્યો

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ કહ્યું જોરદાર જીત વડે મતદારોએ ભાજપના વિકાસ અને સુશાસનના એજન્ડાનું સમર્થન કર્યું છે – તો ગૃહ મંત્રી અમિત શાહે પણ ટિમ ગુજરાત ભાજપને બિરદાવી

- મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી આર પાટિલે ભાજપની ભગવા લહેર જેવા પરિણામ નો યશ અદના કાર્યકરની મહેનતને આપ્યો

- નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ આવતીકાલે અંદાજપત્ર 2021 – 22 વિધાનસભા ગૃહમાં રજૂ કરશે

- ગુજરાતના એક લાખ 17 હજાર થી વધુ વરિષ્ઠ નાગરિકોએ કોરોના રસીનો પહેલો ડોઝ લીધો

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# ભાજપ ની લહેર જેવા પરિણામ

ગુજરાત ની 31 જિલ્લા પંચાયત , 231 તાલુકા પંચાયત અને 81 નગરપાલિકા ની ચૂંટણી માં ભારતીય જનતા પક્ષ ને ભારે બહુમતી ધરાવતો અભૂતપૂર્વ જનાદેશ મળ્યો છે. કોંગ્રેસ સહિત ના એકપણ રાજકીય પક્ષ ને મામૂલી બેઠક થી સંતોષ લેવો પડે તેવા ચૂંટણી પરિણામ બહાર પડી રહ્યા છે.

મતગણતરી ની રૂખ ભાજપ તરફી હોવાનું બપોરે ફલિત થતાં જ ગાંધીનગર નજીક કોબા ખાતે આવેલા પ્રદેશ કાર્યાલય માં વિજય ઉત્સવ શરૂ થઈ ગયો હતો. સફળતા ની શુભેચ્છા કાર્યકરો ને પાઠવવા માટે પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ ની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ શ્રી કમલમ પહોંચ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી એ જીત ની ખુશી વ્યક્ત કર્યા કહ્યું હતું કે ટિમ ભાજપ વતી તેઓ જનતા નો આભાર માને છે. પત્રકારો સાથે વાત કરતાં શ્રી રૂપાણી એ ઉમેર્યું હતું કે કોંગ્રેસને આટલો મોટો જાકારો જનતા એ ગુજરાત માં કદી આપ્યો નહીં હોય .

( બાઈટ વિજય રૂપાણી)

ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલે ચૂંટણી પરિણામો ને વધાવી લેતા કહ્યું હતું કે ભાજપ સરકાર ની ઉત્તમ કામગીરી ના આધારે લોકો એ ભાજપ ને મત આપી સત્તા નું સુકાન સોંપ્યું છે.

( બાઈટ સી. આર. પાટિલ )

# પ્રધાનમંત્રી પ્રતીભાવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જોરદાર જીત બદલ મતદારોનો આભાર માન્યો છે. પોતાના ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું છે કે ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ સંદેશ

આપ્યો છે કે ભાજપના વિકાસ અને સુશાસનના એજન્ડાનું દ્રઢતાપૂર્વક સમર્થન ગુજરાત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ભાજપ પ્રત્યેની અવિરત શ્રદ્ધા અને સ્નેહ માટે તેઓ ગુજરાતની જનતાને નમન કરે છે.

ગૃહમંત્રી અમિત શાહે પણ ભાજપને બહુ મોટી જીત આપવા બદલ ગુજરાતના મતદારોનો આભાર માનતું ટ્વિટ કર્યું છે. તેમણે કહ્યું છે કે પ્રધાનમંત્રી મોદીના વિકાસને સમર્પિત નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા લોકો એ ભાજપને જીત આપી છે. શ્રી શાહે ભાજપ ના અદના કાર્યકરો ની મહેનત ને આ વિજય નો યશ આપ્યો છે.

# ચૂંટણી પરિણામ નું રાજ્ય ચિત્ર

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ ની ચૂંટણી ની મત ગણતરી હજુ પૂરી થઈ નથી ત્યારે સત્તાવાર રીતે બહાર પડેલી રાજ્ય કક્ષા ની છેલ્લી માહિતી આ પ્રમાણે છે.

ભાજપ ને જિલ્લા પંચાયત માં 771 , તાલુકા પંચાયત માં 3236 અને નગરપાલિકા માં 2027 બેઠક મળી છે.

જ્યારે કોંગ્રેસ ને જિલ્લા પંચાયત માં 162 , તાલુકા પંચાયત માં 1201 અને નગરપાલિકા માં 375 બેઠક મળી છે.

અપક્ષ ને જિલ્લા પંચાયત માં ત્રણ , તાલુકા પંચાયત માં 112 અને નગરપાલિકા માં 168 બેઠક મળી છે.

આમ આદમી પાર્ટી ને જિલ્લા પંચાયત માં બે , તાલુકા પંચાયત માં 31 અને નગરપાલિકા માં 9 બેઠક મળી છે. જ્યારે

બહુજન સમાજ પાર્ટી ને જિલ્લા પંચાયત માં એક , તાલુકા પંચાયત માં ચાર અને નગરપાલિકા માં 6 બેઠક મળી છે.

જ્યારે અન્ય વિજેતાઓને ફાળે ગયેલી બેઠક ની સંખ્યા જોઈએ તો જિલ્લા પંચાયત માં ચાર , તાલુકા પંચાયત માં 16 અને નગરપાલિકા માં 24 બેઠક તેમના ફાળે ગઈ છે

# ટોય ફેર જીંગલ

# નિતિન પટેલ-વિધાનસભા

ગુજરાત વિધાનસભામાં આવતીકાલે નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નિતિનભાઈ પટેલ આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર ગૃહમાં રજુ કરશે.

ગઇકાલથી ગુજરાત વિધાનસભા નું અંદાજપત્ર સત્ર શરૂ થયું છે. રાજયપાલ આચાર્ય દેવ વ્રત ના પ્રવચન સાથે શરૂ થયેલી બેઠકમાં શોકદર્શક ઠરાવ દ્વારા સદગત સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

રાજયપાલ આચાર્ય દેવવ્રતે પોતાના પ્રવચન માં રાજ્ય સરકાર ની વિકાસ કામગીરીને બિરદાવી હતી અને કહ્યું હતું કે નળ સે જળ યોજના વડે ઘેર ઘેર પીવાનું ચોખ્ખું પાણી પહોંચાડવાની ઝુંબેશ ખરેખર જન આરોગ્ય માટે વરદાનરૂપ સાબિત થશે.

# મહિલા દિવસ વિશેષ

સમાજની સેવા તો લોકો અનેક પ્રકારે કરતાં હોય છે   હોય છે પરંતુ ગામમાં શૌચાલય બનાવવાની સેવા પહેલી વાર જોવા મળે છે એ પણ તાપી જેવા આદિવાસી પંથકમાં.

તાપી જિલ્લાના રમિલા બહેન ગામિતે છેલ્લા છ વર્ષથી જાતમહેનથી સાતસો જેટલા શૌચાલયોનું નિર્માણ કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સ્વચ્છ ભારત ઝુંબેશને આગળ વધારી છે.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલી વિશેષ શ્રેણીમાં આજે સાંભળીએ રમિલા બહેન ગામીતને

(બાઇટ- રમિલા બેન)

# રસીકરણ

રાજયમાં કોરોના  રસીકરણના ત્રીજા તબક્કામાં અત્યારસુધીમાં  1 લાખ 17 હજારથી વધુ લાભાર્થીઓને રસીનો પહેલો  ડોઝ આપવામાં આવ્યો. જેમાં 60 વર્ષથી વધુ ઉમરના અને 45 થી 60 વર્ષના ગંભીર રોગોથી પીડિત લોકોનો સમાવેશ થાય છે

**રસી માટે લાયક લાભાર્થી કોવિન પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપ્લીકેશનમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રસી લઇ શકશે અથવા રસીકરણના સ્થળ પર જઇને નોંધણી કરાવી રસી લઇ શકશે.**

**નોંધણી માટે આધાર કાર્ડ  અથવા નિયત કરેલ ઓળખ પત્ર તથા ૪૫-૫૯ વર્ષના  ગંભીર રોગના લાભાર્થીએ રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરનું પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે**

રાજયમાં 60 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે કોરોના રસીકરણનો ગઇકાલથી આરંભ થયો છે. જે અનુસંધાને કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રસીકરણનો શુભારંભ દમણ મેડીકલ એસોસિયેશનના પ્રમુખ ડો. એસ.એસ.વૈશ્યએ કરાવ્યો હતો.

મહત્વનું છે કે, મોટી દમણ સી.એચ.સી. હોસ્પિટલ, કડૈયા વેલનેસ સેન્ટર, સોમનાથ વેલનેસ સેન્ટર અને કચ્છી ગ્રામ સરકારી હોસ્પિટલોમાં વડીલોને નિઃશુલ્ક રસી આપવામાં આવી રહી છે.

પંચમહાલ જીલ્લાના વહીવટીતંત્ર તરફથી જીલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડે 60 વર્ષથી વધુ વયના વડીલો અને તમામ જીલ્લાવાસીઓને વેક્સિનેશન કાર્યક્રમમાં સહયોગ આપી રસીકરણનો લાભ લેવા અનુરોધ કર્યો હતો

# કોંગ્રેસ રાજીનામાં

કોંગ્રેસ હાઇકમાંડે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને વિધાન સભા પક્ષના નેતાઓના રાજીનામાં સ્વીકારી લીધા છે. પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓના પરિણામો બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડા અને કોંગ્રેસ વિધાન સભા પક્ષના નેતા શ્રી પરેશ ધાનાણીએ પોતાના પદ ઉપરથી રજીનામાઓ આપી દીધા હતા. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ આ બંને નેતાઓના રાજીનામાં પક્ષના હાઇકમાંડ દ્વારા સ્વીકારી લેવાય છે. ચાલુ મહિનાના અંત સુધીમાં નવા નેતાની જાહેરાત થશે

# મેરિટાઇમ ઇન્ડિયા સમિટ-૨૦૨૧

**નવી દિલ્હીમાં યોજાઇ રહેલી મેરિટાઇમ ઇન્ડિયા સમિટ-૨૦૨૧માં આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યની મેરિટાઈમ ક્ષેત્રની સિદ્ધિઓની રજૂઆત કરી.**

**શ્રી રૂપાણીએ કહ્યું હતું કે સમગ્ર દેશમાં ૪૦% કાર્ગો હેન્ડલિંગ એકલું ગુજરાત કરે છે અને વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં પણ ગુજરાત અગ્રેસર છે. તેમણે કહ્યું કે સમગ્ર મેરિટાઇમ સેક્ટરમાં રાજયમાં દોઢ લાખ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ મળ્યા છે જેમાં ગુજરાત મેરિટાઇમ બોર્ડે ૮૦ હજાર કરોડથી વધુના ઇન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ મેળવ્યા છે. શ્રી રૂપાણીએ કહ્યું કે દરિયાઈ ક્ષેત્રના વિકાસ માટે રાજયમાં વિશ્વસ્તરીય મેરિટાઇમ ક્લસ્ટરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.**

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડ દેશની કુલ રિસાયક્લિંગ એક્ટિવિટીમાં ૯૮ ટકા હિસ્સો ધરાવતું અગ્રેસર યાર્ડ છે અને આગામી સમયમાં અલંગની શિપ રિસાયક્લિંગ કેપેસિટી ૪.૫ મિલિયન એલ.ડી.ટી.થી ૯ મિલિયન એલ.ડી.ટી. સુધી લઈ જવાશે. **મેરિટાઇમ ક્ષેત્રે કુશળ માનવ સંસાધન પુરૂ પાડવા ગુજરાતમાં મેરિટાઇમ યુનિવર્સિટીથી સજ્જ છે . તેમ પણ તેમણે ઉમેર્યું હતું.**

ભારત સરકારના શિપિંગ પોર્ટ્સ મંત્રાલય દ્વારા આયોજિત આ સમિટમાં ૮ રાષ્ટ્રોના મંત્રીશ્રીઓ ૫૦ ગ્લોબલ સી.ઈ.ઓ અને ૨૪ રાષ્ટ્રના સ્પીકર્સ-વક્તાઓ ભાગ લેવાના છે